



ચાલો આપણે લીલાને મદદ કરીએ.


- અહીં, ૧૦ પેન્સિલનાં કેટલાં પૅકેટ છે ? __________
- પૅકેટની બહાર કેટલી પેન્સિલ છે ? __________
- તો, બધી મળીને __________ પેન્સિલ થાય.

કનકને જુદા જુદા પ્રકારના ચાંદલા ભેગા કરવાનું ગમે છે.



- તેની પાસે કેટલા પૅકેટ છે ? ________
- બધાં થઈને કેટલા ચાંદલા થાય ? _______


દરેક પૅકેટમાં ૩ + ૪ + ૩ ચાંદલા છે.
હવે તમે ૧૦ ચાંદલાને જુદી જુદી રીતે દોરો.




અનુમાન કરવા માટે વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી વ્યૂહ રચનાની ચર્ચા કરો. તેમને ૧૦ ના જૂથમાં ગણવા માટે પ્રોત્સાહિત કરો. ૧૦ ચાંદલાને જુદી જુદી પૅટર્નમાં ગોઠવી શકાય તે તરફ ધ્યાન આપવાનું કહો. ગણવામાં સરળ પડે તે રીતે ૧૦ ચાંદલાને જુદી જુદી રીતે ગોઠવવા પ્રયત્ન કરવાનું કહો.

# ૫ પૅટર્ન


બિન્ની અને ગિન્ની ઘેર જઇ રહી હતી. રસ્તામાં કેટલાંક માણસોને પગદંડી બનાવતાં જોયાં. તેમાં વાપરેલી લાદીઓ જુદા જુદા રંગ અને જુદી જુદી ભાતની હતી. તેમણે આ મુજબ જોયું.




ઘેર જઇને તેમણે દોરડા પર લટકતી તેમની માતાની સાડી જોઇ. તેમાં પણ જુદા જુદા રંગની સુંદર ભાત હતી.



સાંજે તેઓ બગીચામાં રમી રહી હતી. તેમણે દીવાલ પર લોખંડની જાળી જોઈ.




જાળી સામે જોઈને બિન્નીએ કહ્યું - આપણા ઘરની બારીમાં આવી જ જાળીઓથી જુદા જ પ્રકારની પૅટર્ન બની છે.




આપણે આવી ઘણી પૅટર્ન આપણી આજુબાજુ લાદી પર, કપડાં પર, શેતરંજી પર જોઈએ છીએ.

ભોલુ  બિન્નીની માતાની શાલનો એક ભાગ ખાઈ ગયો.


ચિત્ર જૂઓ અને એ જ પૅટર્નનો કયો ટૂકડો સાડી સાથે બંધ બેસતો આવે છે તે શોધવામાં બિન્નીને મદદ કરો.



માધવ દરવાજા પર  નો ઉપયોગ કરીને પેટર્ન બનાવવા ઇચ્છે છે.
તમે અનુમાન કરી શકશો કે નીચેનામાંથી કઇ પૅટર્ન આનાથી બનાવી શકાય નહીં ?



ખાલી ખાનાઓ ભરીને પૅટર્ન પૂરી કરો.



### પાંદડાંની પેટર્ન

એક પાંદડાનો ઉપયોગ કરીને આપણે જુદી જુદી પેટર્ન બનાવી શકીએ છીએ. પાંદડાની પાંચ પેટર્ન જુઓ.


(૧)




(૨)




(૩)



(૪)




(૫)



હવે, તમે પણ ↑ તીરનો ઉપયોગ કરીને જુદી જુદી પેટર્ન તમારી નોટબુકમાં બનાવો.


પૅટર્ન જુઓ અને તે મુજબ ખાનાં ભરો.





હવે, તમે પણ વિવિધ આકારોનો ઉપયોગ કરીને પૅટર્ન બનાવો અને તમારા મિત્રોને બતાવો.


## સંખ્યાની પૅટર્ન

હવે, આપણે સંખ્યાની કેટલીક પૅટર્ન જોઈએ. દરેક પૅટર્નની ખાલી જગ્યામાં યોગ્ય સંખ્યા પૂરો.












બાળકોને પૅટર્ન ઓળખવામાં પ્રોત્સાહિત કરો. આવી બીજી સંભવિત અન્ય સંખ્યા પૅટર્ન વિશે તેમની સાથે ચર્ચા કરો.

टीटु देडको બે સંખ્યા કૂદીને ત્રીજી સંખ્યાએ પહોંચે છે. હવે ટીટુ ક્યાં જશે ? ટીટુ જ્યાં જશે તે સંખ્યા પર ગોળ કરો.





ટીટુ કૂદે છે અને દરેક ૧૦ મા પથ્થર પર પહોંચે છે. પથ્થર પર સાચી સંખ્યા લખો.




વાંચો અને ક્રમમાં શું આવશે તે લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મન | નમ | મન | | | | | |
| એક | બે | ત્રણ | | | | | |
| દિવસ | રાત | દિવસ | | | | | |
| ૧ | ૨ | ૧ | ૨ | | | | |
| ૮૭ | ૮૮ | ૮૯ | | | | | |
| ૨૦ | ૩૦ | ૪૦ | | | | | |
| ૧૯ | ૨૯ | ૩૯ | | | | | |
| ૨ | ૫ | ૮ | | | | | |
| ૧૫ | ૨૦ | ૨૫ | | | | | |
| ૧૮ | ૨૧ | ૨૪ | | | | | |
| ૫૨ | ૫૪ | ૫૬ | | | | | |
| ૫-અ | ૬-બ | ૭-અ | | | | | |
| ૮૫ | ૭૫ | ૬૫ | | | | | |
| ૫૫ | ૫૦ | ૪૫ | | | | | |
| ૨૦ | ૧૯ | ૧૮ | | | | | |
| ૪૦ | ૩૮ | ૩૬ | | | | | |

કેતુએ પાંદડા ભેગા કરીને કેટલીક પૅટર્ન બનાવી છે.





હવે, તમે પણ કેટલાંક પાંદડાં ભેગા કરો અને તેમને જુદી જુદી પૅટર્નમાં ગોઠવો. દીવાસળીનો ઉપયોગ કરીને પણ પૅટર્ન દોરો.

પ્રવૃત્તિ કર્યા પછી વર્ગખંડ સાફ કરવા માટે શિક્ષકે બાળકોને પ્રેરણા આપવી જોઈએ.

# ૬ પગની છાપ

## ભોલુ અને પગની છાપ

એક દિવસ જંગલમાં પ્રાણીઓના બચ્ચાં કાદવવાળા રસ્તા પર રમી રહ્યાં હતાં. અચાનક એક હાથીએ બૂમ પાડી દોડો ! દોડો ! તમારા ઘેર જાઓ. ભોલુ ફોટો પાડવા તેના કૅમેરા સાથે આવે છે.



તેથી, બધાં જ પ્રાણીઓના બચ્ચાં નાસી ગયાં.

જ્યારે ભોલુ તેના કૅમેરા સાથે આવ્યો, ત્યારે તેણે બધા જ પ્રાણીઓના પગની છાપ જોઈ.

✤ શું તમે પ્રાણીઓ અને તેમના પગની છાપને જોડી શકશો ?



✤ આ ખાનામાં કૂતરાંના પગની છાપ દોરો.


✤ ભોંયતળિયા પર તમારા મિત્રના પગની છાપ પાડો. શું તે તમારા પગની છાપ કરતાં નાની છે ?

## કિનારી દોરો અને અનુમાન કરો.

✤ રોનક એક પાંદડાની કિનારી દોરી રહ્યો છે. તમે પણ કેટલીક વસ્તુઓ ભેગી કરો જેવી કે, પાંદડાં, કાંકરા, લાકડી, બંગડી, ચાંદલા વગેરે. દરેક વસ્તુની અહીં કિનારી દોરો.



રૂહીના વાડકા જેવી વસ્તુઓ શોધો જેનાથી જુદી જુદી ઘણી કિનારી દોરી શકાય.



✤ બે જુદી જુદી કિનારી મેળવવા માટે રૂહીએ વાડકાને કેવી રીતે રાખ્યો હોય?

✤ રૂહીના વાડકા જેવી અન્ય વસ્તુઓ શોધો. જેનાથી જુદી જુદી કિનારી મેળવી શકાય.

### ઘેર કરો

સમાચાર પત્ર પર તમારા ઘરના જુદા જુદા સભ્યોના હાથની છાપ પાડો. તમારા મિત્રને તેમાંથી તમારા હાથની, તમારી માતાના હાથની, તમારા પિતાના હાથની વગેરે છાપ વિશે અનુમાન કરવાનું કહો.

## વાંચો અને દોરો

તમન્ના અને તેની માતા ખુરશી પર બેઠાં છે.

તમન્ના વાર્તાની ચોપડી વાંચે છે.

તેની માતા છાપું વાંચે છે.

તમન્ના અને તેની માતા ટેબલ પર સામ સામે બેઠાં છે.

ચિત્રમાં ખૂટતી વસ્તુઓ દોરો.



બાળકો ચિત્ર દોરવા માટે જુદા જુદા દૃષ્ટિકોણનો ઉપયોગ કરી શકે. દા.ત. કેટલાંક બાળકો ટેબલને ઉપરથી બતાવવાનો પ્રયત્ન કરશે અને તેના બધા પાયા પણ બતાવશે. જ્યારે કેટલાંક માત્ર બે પાયા બતાવશે. તેમને જેમ દેખાય છે તેમ આકારો દોરવાનું તેમના પર છોડી દો. શિક્ષકો આકારો વિશે ચર્ચા કરવા માટે વિવિધ ચિત્રોનો ઉપયોગ કરી શકે અને અલગ બાજુએથી ચિત્રો અલગ દેખાય છે તે પણ બતાવશે.





## કિનારી દોરવાની વધુ મજા

- કેટલીક વસ્તુઓ ભેગી કરો જેવી કે, બટાકુ, શીશીનું ઢાંકણ, દીવાસળીનું ખોખું, સંચો, રબર, ચમચી, બસની ટિકિટ, સિક્કો, પીણું પીવાની નળી વગેરે. તમે બીજી વસ્તુઓ પણ લાવી શકો છો.
- આ દરેક વસ્તુની કિનારી દોરો. તમારા મિત્રને વસ્તુનું અનુમાન કરવા કહો.






✤ તમે જે છાપ દોરી છે તે દરેકનો આકાર જુઓ. શું તે અહીં આપેલા આકારો પૈકી કોઈ એકના જેવો દેખાય છે તે જુઓ. આકારની નીચે વસ્તુનું નામ લખો.

| |  |  |  |  |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |
| ૭. | | | | |
| ૮. | | | | |



છાપ પાડ્યા પછી આકારોમાં સમાનતા અને જુદાપણું જોવા માટે વિદ્યાર્થીઓને મદદ કરો. જેમ કે, ખોખાંના આકાર અને રબરના આકારમાં શું સમાનતા છે ? તે બંને એક જ ખાનામાં આવશે. બાળકો જેટલાં વધારે આકારોના નામ બોલે તે બોલવા પ્રેરો. આપણે તેમને લંબચોરસ, ચોરસ, વર્તુળ વગેરે શબ્દોના પ્રયોગ કરતા કરવાના છે. જેથી તેઓ આ શબ્દોથી માહિતગાર થાય.






તરણીએ વિવિધ આકારોનો ઉપયોગ કરીને ચિત્ર
બનાવ્યું છે.

તરણીનું ચિત્ર જુઓ અને કહો.

કેટલા  છે ? ___________

કેટલા  છે ? ___________

કેટલા  છે ? ___________


કેટલા  છે ? ___________

✤ હવે તમે પણ વિવિધ આકારો જેવા કે, , ,  અને  નો ઉપયોગ કરીને તમારું ચિત્ર બનાવો.

✤ ફક્ત  નો ઉપયોગ કરીને ચિત્ર બનાવો.

## બિસાનીઆનો પહેરવેશ

✤ બિસાનીઆ નૃત્ય માટે શણગાર સજવા ઇચ્છે છે. ખાનામાંના વિવિધ આકારોનો ઉપયોગ કરીને તેના પર દાગીના દોરો.






## આકારો અને ચહેરા

(અ) પહેલા ચહેરા પર આકારના ચશ્મા દોરો.

(બ) બીજા ચહેરા પર આકારની મૂછો દોરો.

(ક) ત્રીજા ચહેરા પર આકારનું મોઢું દોરો.

(ડ) છેલ્લા ચિત્રમાં આકારનો ચહેરો દોરો.






# જગ અને મગ

## લીંબુ શરબત બનાવો અને આનંદ માણો

તમારે જોઈશે


અડધું લીંબુ



એક ચપટી મીઠું


એક ચમચી ખાંડ


એક પ્યાલો પાણી

તે કેવી રીતે બનાવવું :





અનુમાન કરો અને પછી શોધી કાઢો :

અડધા લીંબુમાંથી તમને કેટલાં ટીપાં લીંબુનો રસ  મળે છે ? ________

આખા લીંબુમાંથી તમને કેટલાં ટીપાં લીંબુનો રસ  મળે છે ? ________

કેટલાં ટીપાં લીંબુના રસથી એક ચમચી  ભરાય છે ? ________

તમારા લીંબુ શરબતનો આનંદ માણો !

પીણું બનાવવા માટે સ્થાનિક પ્રાપ્ય પદાર્થોનો ઉપયોગ કરી શકાય અથવા પીણાનું નામ પણ બદલી શકાય. અહીં માત્ર ગુંજાશ પર ધ્યાન આપવું.

૬ પ્યાલા લીંબુ શરબત બનાવવા માટે –

તમારે કેટલાં લીંબુ જોઈશે ?___________

તમે કેટલી ચમચી ખાંડ લેશો ? ___________

## ગામના મેળામાં લીંબુ શરબતની હાટડી

ચૈત્રાના ગામમાં મેળો ભરાયો છે. ચૈત્રા, નાઝીમ અને અનીષ લીંબુ શરબતની હાટડી કરવા માગે છે. તેઓ એક  ડોલ ભરીને લીંબુ શરબત બનાવે છે.

તેઓ બે જુદા જુદા માપના પ્યાલા  વાપરે છે.




અનીષ પાસે  જગ છે.

તમને લાગે છે કે  ડોલ કરતાં  જગથી  પ્યાલામાં શરબત રેડવું વધારે સરળ પડશે ?

નાઝીમે શોધ્યું કે બે મોટા પ્યાલાથી જગ આખો ભરાય છે.

શબનમ એક આખો જગ ભરેલો શરબત ખરીદવા ઈચ્છે છે.

તેણે કેટલાં રૂપિયા આપવા પડશે ?__________

ચિત્રાએ શોધ્યું કે, બે નાના પ્યાલાથી એક મોટો પ્યાલો ભરાય છે.

કેટલા નાના પ્યાલા લીંબુ શરબતથી એક આખો જગ ભરી શકાય ?

કેટલા નાના પ્યાલાથી અડધો જગ ભરી શકાય ?



## વાસણ ભરવાની મજા

તમારો શીશો કેટલા કપ પાણીથી ભરી શકાય તે શોધો.

પહેલા અનુમાન કરો અને પછી પ્રયત્ન કરો.

હવે અન્ય શીશાને એ જ કપથી ભરો.

કયા શીશામાં ઓછું પાણી સમાય છે ?

બીજો શીશો લઈને પ્રયત્ન કરો.

કયા શીશામાં સૌથી ઓછું પાણી સમાય છે ?



સુનૈના અને જસપ્રીત રસોડામાંથી જુદા જુદા વાસણ લાવ્યા. તેમની પાસે એક  જગ

એક  પ્યાલો, એક  મગ, એક  તપેલી અને એક  વાડકી છે.

તેઓએ  કપથી દરેક વાસણ ભર્યું.



અનુમાન કરો કે કયા વાસણમાં સૌથી ઓછું પાણી સમાય છે ? ____________

કયા વાસણમાં સૌથી વધુ પાણી સમાય છે ?____________

હવે, તમે તમારા રસોડામાંથી જુદાં જુદાં વાસણો લાવો.

દરેક વાસણને એ જ  કપથી ભરો.

દરેક વાસણમાં જેટલા કપ પાણી સમાય તે સંખ્યા ગણો.

પહેલાં અનુમાન કરો અને પછી જાતે કરો.

| તમે ઉપયોગમાં લીધેલું વાસણ | વાસણ ભરવા માટે થયેલા પાણીના કપ |
|---|---|
|  | |
| | |
| | |
| | |

જેમાં વધુ પાણી સમાય તેના ફરતે ગોળ કરો.

(અ)



(બ)



(ક)



(ડ)



## રાની અને દૂધવાળો

અનિલ દૂધવાળો છે. તે રાનીના ઘેર રોજ એક સરખું દૂધ આપે છે. રાનીનું  વાસણ ભરવા માટે તે ત્રણ વાર  મગનો ઉપયોગ કરે છે.

એક દિવસ રાનીની માતા તેને દૂધ લેવા માટે જુદું  વાસણ આપે છે. રોજ રાનીનું  વાસણ છલોછલ દૂધથી ભરાઈ જતું હતું. પરંતુ આજે રાનીએ જોયું કે તેનું  વાસણ આખું ભરાયું નહોતું.




શું તમે વિચારો છો કે અનિલે રાનીને ઓછું દૂધ આપ્યું છે ? તેને મદદ કરો.

**શોધો**

તમારી માતા રોજ કેટલું દૂધ ખરીદે છે ? ___________

## તમારી જાતે કરો

તમારા રસોડામાંથી જુદા જુદા પ્રકારનાં પાંચ મોટાં વાસણ લો.
એક પછી એક દરેક વાસણને પાણીથી સંપૂર્ણ ભરેલા જગથી ભરો.
તમને શું દેખાયું ? શા માટે ?
તમારા મિત્ર સાથે તેની ચર્ચા કરો.